Accredited Grade "B" by NAAC
($4^{th}$ Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

એસ.સી.-એસ.ટી.સેલ,યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,રાજકોટ -૩૬૦૦૦૫
ફોન નં.:-(૦૨૮૧) ૨૫૭૮૫૦૧ / એક્સટે. નં. ૨૧૨
ઈ-મેઈલ : scstcell@sauuni.ac.in

નં. એસ.સી.-એસ.ટી. સેલ/૨૦૪૪૯/૨૦૨૨

તા.૧૬/૦૩/૨૦૨૨

વિષય:- અનુસુચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ની વર્ષ ૨૦૨૧-૨૨ ની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ ની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ :- (૧) જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, રાજકોટ ના તા. ૦૭-૦૩-૨૦૨૨ ના પત્ર ક્રમાંક:નં. અજાક/પોમેસ્કો/૨૦૨૧-૨૨/૧૦૫૦

(૨) અત્રેની યુનિવર્સિટી ના તા.૧૧-૦૩-૨૦૨૨ ના પત્ર ક્રમાંક: એસ.સી.- એસ.ટી/સેલ /૧૯૯૨૬/'૨૨

## પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ જિલ્લાની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ (રાજકોટ જીલ્લો) તથા યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે, અનુસુચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ની વર્ષ ૨૦૨૧-૨૨ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ ની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા સંદર્ભ - ૧ પરના પત્ર અન્વયે સંદર્ભ – ૨ પરના પત્રથી જણાવવામાં આવેલ છે. સદરહુ કચેરી તરફથી વારંવાર જણાવવા છતાં ઓનલાઈન દરખાસ્ત મોકલવામાં આવતી નથી તેમજ હાર્ડકોપી પણ મોકલવામાં આવતી નથી. આ પ્રકારની પેન્ડીંગ દરખાસ્તો ની સમીક્ષા માટે તા.૧૫-૦૩-૨૦૨૨ ના રોજ કલેકટરશ્રી, રાજકોટ ના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં સમીક્ષા થયા મુજબ દરેક કોલેજો/ભવનોમાં વર્ષ ૨૦૨૧-'૨૨ ની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની કામગીરી પેન્ડીંગ હોય તાત્કાલીક પૂર્ણ કરવા કલેકટરશ્રી,રાજકોટ એ સુચના આપેલ છે. પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ ની પેન્ડીંગ કામગીરી માર્ચ-'૨૨ સુધીમાં પૂર્ણ કરવામાં નહીં આવેતો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજ/ભવન ના પ્રિન્સીપાલશ્રી/અધ્યક્ષશ્રી ની જવાબદારી રહેશે, જે વિદિત થાય.

નાયબકુલસચિવ

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ જિલ્લાની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) માન્ય સંસ્થાઓ ના વડાઓ (રાજકોટ જીલ્લો)
(૩) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ

**નકલ સાદર રવાના :-**

(૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) માન. કલેકટરશ્રી,જીલ્લા કલેકટર કચેરી, શ્રોફ રોડ,રાજકોટ

**નકલ રવાના જાણ અર્થે :-**

(૧) જોડાણ વિભાગ
(૨) પી. જી. વિભાગ
(૩) આંકડા સેલ
(૪) કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઇટ પર પ્રસિધ્ધિ અર્થે.)
(૫) જિલ્લા નાયબ નિયામકશ્રી
અનુ.જાતિ કલ્યાણ,
૬/૧ બહુમાળી ભવન,
રાજકોટ.